# રાજકારણનો રંગોત્સવ પુરબહાર અને પ્રજાના રંગોત્સવ પર પાબંધી..!!

સરકારે વધુ એક ફરમાન કર્યુ કે હોળીની પૂજા મર્યાદિત સંખ્યામાં જ થશે અને ધુળેટીની ઉજવણી જાહેરમાં નહી કરી શકાય. બહુ સારૂ અને સમયસરનું ફરમાન છે પરંતુ સરકારને પ્રજાનો સવાલ છે કે મેળા બંધ રાખો... મહોત્સવ બંધ રાખો... તો ચૂંટણીના તાયફા કેમ..?! સરઘસો અને રેલીઓ વખતે સરકારનું આ ડહાપણ ક્યાં ગયું હતું....?! પ્રજાના ઉત્સવ ઉપર તમામ પ્રકારના નિતી નિયમો ગયા વર્ષની હોળીથી આ વર્ષની હોળી સુધીના

**સમયસર**

આખા વર્ષના તમામ ઉત્સવોમાં બધે પ્રતિબંધ... પ્રતિબંધ... પ્રતિબંધ જ રહ્યો..! તો ચૂંટણી વખતે ભાજપ-કોંગ્રેસ કે આમ આદમીની પાર્ટીની રેલીઓ વખતે બધા નીતિ નિયમો ક્યાં ગયા હતા....?! નિયમો માત્ર પ્રજા માટે જ છે, રાજકીય પક્ષો માટે નથી..?! કોઈપણ પક્ષનો ખેસ લઈને નિયમોનો ભંગ કરવાની છુટ હોય છે..?! પ્રજા આ અભિગમથી ખુબ જ નારાજ છે. અને હા..! આપની દલીલ છે કે કોરોનાના કેસ ચૂંટણીઓથી જ વધતા નથી..! મહારાષ્ટ્રમાં ક્યાં ચૂંટણી કે મેચ હતી છતાંય ત્યાં કેસ વધ્યા છે એમ તમારૂ કહેવુ છે..! ઘડીભર માની લઈએ કે શાસકની દલીલમાં તથ્ય છે કે ટોળાથી કોરોના સંક્રમણ નથી વધતું તો મેળાઓ અને ઉત્સવો થવા દો ને..! આ તો રાજકારણવાળા માટે જુદા નિયમો અને સમાજકારણ માટે જુદા નિયમો..! આ હળહળતો અન્યાય છે. ચૂંટણી જો લોકશાહીનું પર્વ હોય તો દિવાળી-નવરાત્રી અને હોળી ભારતીય સંસ્કૃતિના પર્વો છે... તો કેમ ઉજવવા દેતા નથી..?!

ચૂંટણી લડાય-જીતાય એમાં કોઈની ના નથી... અને ના હોઈ શકે પણ નહીં... પરંતુ પ્રજાના ઉત્સવોને દબાવીને ચૂંટણીના મેળાવડા થઈ શકે એ અસહ્ય બાબત છે. ચૂંટણી લોકશાહીનો ઉત્સવ છે અને એને ઉજવવા સરકાર ઉદારતાથી બધા પક્ષોને છુટ આપે તો ભારતીય સંસ્કૃતિના ઉત્સવોની ઉજવણીમાં પણ સરકારે એટલી જ ઉદારતાથી છુટ આપવી જોઈએ. પરંતુ વકરતો જતો કોરોના વાયરસ આ બન્ને પ્રકારની ઉજવણીમાં વિલન બને છે, ત્યારે પ્રજા ઈચ્છે છે કે ઉત્સવો પરનો પ્રતિબંધ અમને માન્ય છે અને ટોળા ના જ થવા જોઈએ પણ સાથોસાથ રાજકીય તાયફાઓ પણ બંધ જ રહેવા જોઈએ. એકાદ વરસ ઉત્સવો નહી ઉજવીને પ્રજા જો સંતોષ માની શકતી હોય તો એકાદ વરસમાં રાજકારણમાં કોઈ મોટી ઉથલપાથલ નથી થઈ જવાની..! ચૂંટણીઓ એક વરસ મોડી યોજાય તો એમાં કાંઈ ખાટુ મોળુ થવાનું નથી, કોરોનાના વધતા સંક્રમણથી સમગ્ર સમાજ હચમચી ગયો છે. સમગ્ર માહોલ ચિંતાજનક બન્યો છે. સરકારી આંકડા જે હોય તે પરંતુ બિનસરકારી આંકડા દિવાળી કરતા પણ દોઢ ગણા છે. વાયરસ હળવો થયાની દલીલ છે પણ ચૌદ દિવસનો એકાંતવાસ સામાજીક અને આર્થિક પ્રશ્નોનું કારણ બની શકે છે. જ્યારે પાંચ-પચીસ કેસ હતાં ત્યારે આપણે હાકલા ને ડાકલા વગાડી ઘરબંધી કરી દીધી હતી જ્યારે આજે સેંકડો કેસ છે ત્યારે ખુબ જ હળવાસથી સ્થિતિને લઈ રહ્યા છીએ. બસ કોરોનાના વધતા સંક્રમણ સામે સરકાર હળવાસથી લે નહિ. ગંભીર બની જરૂરી નિયમો અને નિયંત્રણોનો કડકાઈથી અમલ કરે અને કરાવે એવી સમયની માંગ છે.

# મહાનગરના જંગમાં કોંગ્રેસ શસ્ત્રો સજાવી રહી છે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગરપાલિકાની આગામી ચૂંટણીની ગંભીરતાને ધ્યાને રાખી પ્રદેશ સમિતિ દ્વારા પ્રદેશ સમિતિના હોદ્દેદારો અને આજે નિમાયેલા ધારાસભ્યો, હોદ્દેદારો સાથે એક વિસ્તૃત બેઠક પણ રાત્રે યોજવામાં આવી હતી. બધાજ આગેવાનો કાલથી જ ચૂંટણી વિષયક કામગીરીમાં ઓતપ્રોત થઈ જશે. સ્થિતિ સહિતની જાણકારી અગાઉ શહેર સમિતિએ નીમેલા નિરીક્ષકો પાસેથી મેળવી લીધી છે. હવે હોળી પછી તેઓ તેમની આખી રણનીતિ ચૂંટણીની તૈયાર કરી દેશે.

કોંગ્રેસના સૂત્રોમાંથી પ્રાપ્ત

## કોંગ્રેસે ૨૨ થી વધુ પ્રદેશ અગ્રણીઓને મનપાના જંગની જવાબદારી સોંપી : મોડી રાત સુધી પ્રદેશ અને સ્થાનિક નેતાઓ વચ્ચે પરામર્શ બેઠકનો દોર ચાલ્યો

ધારાસભ્યોને પણ આ અંગે વોર્ડવાર જવાબદારી સોંપી સ્થાનિક સંગઠ્ઠનને મદદરૂપ થવા આદેશ કર્યો છે.

મનપાની આગામી એપ્રિલમાં યોજાનારી ચૂંટણી માટે નિરીક્ષકો દ્વારા ઉમેદવારની પસંદગી પ્રક્રિયાનો આજથી આરંભ થવાનો છે ત્યાં પૂર્વ રાત્રિએ જ પ્રદેશ સમિતિએ કર્મઠ આગેવાનોને જવાબદારી સોંપી છે.

કોંગ્રેસના આગેવાનોની મળતી વિગતો પ્રમાણે શહેરમાં મનપાની ચૂંટણી માટે ૨૨ ધારાસભ્યો અને ૨૨ પ્રદેશ હોદ્દેદારોને આ જવાબદારી સોંપવામાં આવી છે. પ્રદેશ નીરક્ષકો ઉમેદવારોની પેનલ તૈયાર કરશે.

મળતી વિગતો પ્રમાણે કોંગ્રેસ પણ તેના ઉમેદવારોની પસંદગી યુવા અને નવા ચહેરાઓને સ્થાન આપશે. મનપા માટે મુકાયેલા આગેવાનોએ આજે શહેરના પ્રશ્નો, વોર્ડની રાજકીય થતી વિગતો પ્રમાણે કોંગ્રેસ બે તબક્કામાં ઉમેદવારોની યાદી જાહેર કરશે. આજથી બે દિવસ માટે નિરીક્ષકો દ્વારા ઉમેદવારોની પસંદગી અંગેની પ્રક્રિયાનો પ્રારંભ થશે.

મોડીરાત્રે પરેશ ધાનાણીના બંગલે યોજાયેલી બેઠકમાં જૂથવાદ ભૂલીને એક થઈને લડવાની અપીલ કરાઈ હતી. અને ગાંધીનગરમાં કોંગ્રેસ જીતીને બતાવશે એવો સંકલ્પ કર્યો હતો.

# ગુડાની નવી આવાસ યોજનામાં સોલાર પેનલની કોમન સુવિધા ઉભી કરાશે

## પ્રધાનમંત્રી આવાસની પ્રથમ યોજનામાં સોલાર પેનલના આધારે આવાસોની સી ડી તેમજ સંકુલમાં સોલાર લાઇટો જગમગશે

ગાંધીનગર તા ૨૪

ગુડા દ્વારા વાવોલ પેથાપુર અને સરગાસણમાં એલ આઈ જી આવાસો બાંધવાનુ કામ હાથ ધરવામાં આવનાર છે. આ ત્રણેય જગ્યાએ કુલ ૨૧૦૦ જેટલા આવાસો બાંધવા માટે આયોજન કરાયુ છે.જયારે આ આવાસોને અનુલક્ષી ફોર્મ વિતરણ પણ શરૂ કરી દેવાયુ છે. આવાસો માટે અંદાજિત ૭૫૦૦ જેટલા ફોર્મનુ વિતરણ પણ કરી દેવાયુ છે. જયારે ગુડાના આ ૨૧૦૦ આવાસો અન્વયે અંદાજિત ૨૦ હજાર જેટલા ફોર્મનુ વિતરણ થાય તેવી સંભાવના છે. ત્યારે ગુડા દ્વારા અગાઉ રાયસણ, ચિલોડા અને અડાલજમાં નિર્માણ કરાયેલા એલ આઈ જી આવાસોમાં રહીશોની ફરિયાદો પણ વિશેષ છે. આ આવાસોમાં પાણી લીકેજીસની સમસ્યા સહીત લીફટ પણ વારંવાર બંધ હોવાનો કકળાટ ઉઠવા પામે છે. ત્યારે નવા આવાસોમાં ગુડા દ્વારા આ સઘળી બાબતોની વિશેષ કાળજી લેવામાં આવશે તેમ પણ સુત્રો જણાંવે છે. આ ઉપરાંત નવી આવાસ યોજનાને અનુલક્ષીને સોલાર સિસ્ટમની કોમન સુવિધા પણ આપવામાં આવશે. રાજયમાં પ્રથમવાર પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે સોલાર સિસ્ટમ હેઠળ આવાસ બિલ્ડીંગની કોમન લાઈટસ તેમજ સંકુલમાં સ્ટ્રીટ લાઈટ પણ સોલાર આધારિત રહેશે. ગુડા દ્વારા

**સોલાર સિસ્ટમ હેઠળ આવાસ બિલ્ડીંગની કોમન લાઇટસ તેમજ સંકુલમાં સ્ટ્રીટ લાઇટ પણ સોલાર આધારિત રહેશે : ગુડા દ્વારા હાલ આ આવાસ યોજના સંદર્ભે ફોર્મ વિતરણ ચાલી રહ્યુ છે**

હાલ આ આવાસ યોજના સંદર્ભે ફોર્મ વિતરણ ચાલી રહ્યુ છે.જયારે અત્યાર સુધીમાં અંદાજિત ૭૫૦૦ જેટલા ફોર્મનુ વિતરણ કરી દેવાયુ છે. આગામી તા ૨૦ મેં સુધી ફોર્મ વિતરણ ચાલુ રહેશે જયારે તા ૩૧ મેં સુધીમાં અરજદારોએ ફોર્મ ભરીને પરત કરવાના રહેશે. ગુડા દ્વારા નવા આવાસો બાંધવાની જાહેરાત કરાયા બાદ હાલ ફોર્મ વિતરણની કામગીરી દરમિયાન અરજદારોની ભીડ જોવા મળે છે. જયારે કોરોનાના વધતા સંક્રમણને ધ્યાને લઈ વર્તુળ કરીને સોશિયલ ડીસ્ટન્સીંગના પાલન સાથે ફોર્મ વિતરણ દરમિયાન પુરતી તકેદારી રાખવામાં આવી રહી છે.



માર્ગો સુમસામ - શહેરમાં વધતી ગરમી અને વધતા કોરોનાના કેસના પગલે ઓફીસ ટાઈમ સિવાય કેટલાય માર્ગો સુમસામ બની જાય છે... દિવસનું મહત્તમ તાપમાન ૩૮-૩૯ પર પહોંચ્યું છે અને સાથોસાથ શહેરમાં કોરોનાના કેસ પણ ૨૧ સુધી પહોંચ્યા છે ત્યારે બિનજરૂરી બહાર નિકળવાનું નગરજનો ટાળી રહ્યા છે... કોરોનાના વધતા સંક્રમણની સીધી અસર માર્ગો અને બજારો પર ધીમેધીમે વર્તાય છે...

# ગુડા વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની લાઈનનુ કામ શરૂ

## આગામી બે વર્ષમાં કામગીરી પુર્ણ કરી દેવાશે : રાયસણ, કુડાસણ, સરગાસણ અને વાવોલમાં કામ શરૂ

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરના ગુડા વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની લાઈનનુ કામ શરૂ કરી દેવાયુ છે. ગુડાના વાવોલ, કુડાસણ, સરગાસણ, રાયસણ વિસ્તારમાં સ્ટોર્મ વોટર લાઈનનુ કામ શરૂ કરી દેવાયુ છે. આગામી બે વર્ષમાં આ કામગીરી પુર્ણ કરી દેવાશે. વરસાદી પાણીના નિકાલની કામગીરી પાછળ અંદાજિત રૂ ૪૦ કરોડનો ખર્ચ કરાશે.

ગાંધીનગરના સેકટરોમાં પણ વર્ષોના અંતે વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખવામાં આવી છે. ગત વરસાદી દિવસોના અંતે સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઈનનુ કામ પુર્ણ થયુ છે. જયારે ગુડા વિસ્તારમાં પણ હવે વરસાદી પાણીના નિકાલ માટે લાઈન નાંખવા માટે તબક્કાવાર કામગીરી શરૂ કરવામાં આવી છે. હાલ ગુડા દ્વારા રાયસણ , કુડાસણ, વાવોલ, સરગાસણ સહીતના વિસ્તારમાં સ્ટોર્મ વોટર લાઈન નાંખવા માટે કામ શરૂ કરી દેવાયુ છે. ગુડા વિસ્તારમાં હાઈટેક વિકાસના વિવિધ કામોની સાથે માળખાગત સુવિધાના કામોને અનુલક્ષીને પણ ઝડપ કરવામાં આવી રહી છે. ગુડાના વિકસિત ટી પી વિસ્તારમાં રસ્તા , પાણી તેમજ સ્ટ્રીટ લાઈટના કામો પણ હાથ ધરવામાં આવી રહ્યા છે ગુડા

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ૨૧, ગ્રામ્યમાં ૧૮ નવા કેસ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના વધુ ૩૯ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૮ અને શહેરમાં ૨૧ કેસ નોંધાયા છે.

જિલ્લામાં કોરોના તેનુ રૌદ્ર સ્વરૂપ બતાવી રહ્યો છે. તંત્રની દોડધામ પણ કેસો વધતાં વધવા પામી છે. જિલ્લામાં કોરોનાનો ચેપરેટ વધતાં ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવામાં આવ્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે બે પરિવાર સહિત નોંધાયેલા ૧૮ કેસમાં ૧૬ કેસ ગાંધીનગર તાલુકામાં નોંધાયા છે જયારે દહેગામ અને કલોલમાં ૧-૧ કેસ નોંધાયેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોમાં ૭ મહિલા દર્દી અને ૬ વિદ્યાર્થીનો સમાવેશ થાય છે. ગ્રામ્ય વિસ્તારમાં મહિલા દર્દી અને વિદ્યાર્થીઓની વધતી જતી સંખ્યામાં તંત્રને આજે હચમચાવી દીધુ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે માત્ર એક દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે જયારે ૧૭ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં હોમ આઈસોલેશનના નિયમોની કડકાઈથી અમલવારી થાય તે જોવા પણ તંત્રને તાકીદ કરવામાં આવી છે.

દહેગામ તાલુકામાં બહિયલ ગામેથી ૬૫ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

કલોલ તાલુકાના સાંતેજ ગામેથી એક ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં આજે ૬ વિદ્યાર્થીઓ સંક્રમિત થયા છે. જેમાં ભાટની ૧૦ વર્ષની દિકરી, કુડાસણમાં ૧૫ વર્ષની દિકરી, ૨૨ વર્ષની યુવતી, ૧૪ વર્ષનો દિકરો, ૧૬ વર્ષનો દિકરો તેમજ રાંદેસણમાં ૧૫ વર્ષના દિકરાનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

તાલુકાના કુડાસણ ગામેથી આજે વધુ ૬ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત વાવોલમાંથી ૨, અડાલજમાંથી એક, ભાટમાંથી એક, રાંદેસણમાંથી બે, રાયસણમાંથી એક અને સરગાસણમાંથી ૩ કેસ મળી આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૭ દર્દીઓ સાજા થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૨૭૯ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૭૭ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૧૦૩૯ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસો વધતાં કન્ટેનમેન્ટ ઝોનમાં પણ વધારો થયો છે. ગ્રામીણ વિસ્તારમાં ૯૦ થી વધુ કન્ટેનમેન્ટ

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર શહેર અને તાલુકામાં કોરોનાનું રૌદ્ર સ્વરૂપ, ગાંધીનગર તાલુકામાં ૬ વિદ્યાર્થી અને ૭ મહિલા દર્દી સહિત ૧૬ કેસ : કલોલ-દહેગામમાં ૧-૧ કેસ : સે. ૩ અને ૪ માં ૩-૩ કેસ તો સે. ૨૯, જીઈબી, સે. ૨ અને ૨૭ માંથી ૨-૨ કેસ ઉપરાંત સે. ૩૦, ૭, ૧૩, ૨૩, ૨૪, ૨૬ અને ૧૨ માંથી કેસ મળ્યા

## જિલ્લામાં ૨૯૮ કન્ટેનમેન્ટ ઝોન અને ૨૨૯ એક્ટીવ દર્દીઓ આજે છે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસો વધતાં જિલ્લામાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા પણ ૨૫૦ના આંકને પાર કરી ગઈ છે.

શહેરમાં ૧૭૮ કન્ટેનમેન્ટ ઝોન અને ગ્રામ્ય વિસ્તારમાં ૯૦ કન્ટેનમેન્ટ ઝોન આજે છે. જિલ્લામાં એક્ટીવ કેસની સંખ્યા પણ ૨૦૦ના આંકને પાર કરી ગઈ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૭૭ એક્ટીવ કેસ અને શહેરમાં ૧૫૨ એક્ટીવ કેસ હાલ સારવાર હેઠળ છે આમ ૨૨૯ એક્ટીવ કેસ છે. જિલ્લામાં ચેપરેટ ૨ ટકાએ પહોંચ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ કેસોની સંખ્યા વધી રહી છે. હોમ ક્વોરોન્ટાઈન રખાયેલ લોકોની સંખ્યા પણ બે હજારના આંકને પાર કરી ગઈ છે.

તંત્રએ હોમ ક્વોરોન્ટાઈનના નિયમોની કડક અમલવારી માટે તાકીદ કરી છે. આ ઉપરાંત કન્ટેનમેન્ટ ઝોન તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગના નિયમોના પાલન માટે તાકીદ કરી છે.

**નૂ. દિગમ્બર જૈન બેસણું**



દિલગીરી સાથે જણાવવાનું કે
CA નલિનકાંત ભોગીલાલ શાહ
(ડબકા નિવાસી - હાલ ગાંધીનગર)
તા.૨૧-૩-૨૧ને રવિવારના રોજ અરિહંત શરણ થયેલ છે.
ઈશ્વર તેમના આત્માને સદગતિ આપે તેવી પ્રાર્થના

વર્તમાન પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને સદ્ગતનું ટેલીફોનિક બેસણું તા.૨૫-૩-૨૧ને ગુરૂવારે સવારે ૯ થી ૧૧ કલાકે રાખેલ છે

સરોજબેન નલિનકાંત શાહ (ધર્મપત્ની)
CA તુષાર નલિનકાંત શાહ (પુત્ર) (T.N.Shah & Co., Gandhinagar) મો.૯૮૨૪૦ ૮૮૪૦૭
રાજીવ નલિનકાંત શાહ (પુત્ર) (Uttam Industries, Gandhinagar) મો.૯૮૨૪૦ ૭૭૩૪૮
હિમાંશુ નલિનકાંત શાહ (પુત્ર) (Aum Enterprise, Gandhinagar) મો. ૯૮૨૪૦ ૬૫૨૭૧
મનિષાબેન (પુત્રવધુ) - કૃપાબેન (પુત્રવધુ) - ભાવિનીબેન (પુત્રવધુ)
CA રોમિલ-વૃત્તા (પૌત્ર-પૌત્રવધુ) પુર્વીશ-ધ્રુમી (પૌત્ર-પૌત્રવધુ) ડો.સૃષ્ટિ, રિધ્ધી (પૌત્રી)
પ્લોટ-૨૧૬, આનંદવાટીકા, જૈન દેરાસરની પાછળ, સેક્ટર-૨૨, ગાંધીનગર

પિયરપક્ષનું ટેલીફોનિક બેસણું ઉપરોક્ત સમયે રાખેલ છે
સ્વ.મનુભાઈ હરીલાલ વખારીયા પરિવાર

**સરમાઉન્ટ હોસ્પિટલ** (SURMOUNT HOSPITAL)

પ્લોટ નં.R-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેકટર-૨૬, ગાંધીનગર.
મો. ૮૪૬૯૮૮૦૫૫૦, ૯૬૨૪૪૦૧૯૯૯

**ગર્વમેન્ટ માન્ય કોવિડ સેન્ટર** — EMERGENCY 24 HOURS SERVICES

**હોમકેર પેકેજ**

- દરરોજ કોવિડ સ્પેશ્યાલિસ્ટ એમ.ડી. ફીજીશીયનની એક વિઝીટ
- કોવિડ કેર કીટ જેમાં ઓક્સિજન માત્રા ચેક કરવા માટે પલ્સ ઓકસી મીટર, થર્મોમીટર, સ્ટીમ ઈન્હેલર (નાસ લેવા માટે), N-95 માસ્ક, હેન્ડ સેનેટાઈઝર
- ઈમરજન્સી સારવાર 24 x 7 વિડીયો કોલીંગ મારફતે અને જરૂર પડે તો ઘરે પણ
- જરૂર પડે તો કોવિડ હોસ્પિટલમાં દાખલ થવા સુધીની સગવડ
- કોવિડ માટેના મોઘા ઈન્જેકશન Remdesivir ઘરે આપવાની સુવિધા
- 7 દિવસનું પેકેજ ઉપલબ્ધ • સીટી સ્કેન કરાવવા માટે એમ્બ્યુલન્સની સુવિધા
- ઘર બેઠા બ્લડ રીપોર્ટ • કોરોનાને લગતી તમામ દવાઓ • સંપૂર્ણ 7 દિવસનું પેકેજ

*T&C

# ગાંધીનગર જિલ્લામાં સીક ન્યુ બોર્ન કેર યુનિટમાં બે વર્ષમાં ૨૬૦૪ બાળકોને સારવાર અપાઈ

## શહેરમાં ૪૪૯ અધિકારી-કર્મચારીઓએ સરકારને મકાન પરત કર્યા નથી : નીતિનભાઈ – સરકારી આવાસ મેળવવા ૪૨૯૩ અરજીઓ પડતર છે : મંત્રી

ગાંધીનગર, તા. ૨૪

આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં નાણાં, માર્ગ-મકાન, આરોગ્ય, નર્મદા, પા. યોજના વિભાગ તેમજ સામાજિક ન્યાય અધિકારીતા વિભાગને લગતી પ્રશ્નોત્તરી હતી. અંદાજપત્ર સત્ર હવે ધીમે ધીમે તેના અંતિમ ચરણ તરફ આગળ વધી રહેલ છે.

● **ઝુંપડા વીજકરણની યોજના**

ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોર તથા દહેગામના બલરાજસિંહ ચૌહાણે જિલ્લામાં ઝુંપડા વીજીકરણ અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં ઊર્જામંત્રીએ જણાવ્યુ છે કે છેલ્લા બે વર્ષમાં આ યોજના અંતર્ગત ૨૩૭૭ વીજ જોડાણ આપવામાં આવેલ છે.

આ વીજ જોડાણ આપવા પાછળ રૂ. ૧૦૭.૨૬ લાખનો ખર્ચ થયો હોવાનું પણ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે.

## બે વર્ષમાં જર્જરીત અને જોખમી ૭૫૪ વીજ થાંભલાઓ દૂર કરાયા : ઊર્જામંત્રી

● **સીટી સ્કેન અને એમ.આર.આઈ. મશીન**

માણસાના કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ ગાંધીનગરમાં સીટી સ્કેન અને એમઆરઆઈ મશીનની ઉપલબ્ધિ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં રાજ્યના આરોગ્ય વિભાગનો હવાલો ધરાવતા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ હતુ કે ગાંધીનગર ખાતે જીએમઈઆરએસ હોસ્પિટલ ખાતે ૧ સીટી સ્કેન મશીન ઉપલબ્ધ છે. નવા સીટી સ્કેન કે એમઆરઆઈ મશીન ખરીદવામાં આવ્યા નથી.

તેમણે પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે ગાંધીનગર ખાતેનું સીટી સ્કેન મશીન ૧૦-૮-૨૦૨૦ થી બંધ હાલતમાં હતુ. હાલ આ સીટી સ્કેન મશીન ૧૬-૨-૨૦૨૧થી કાર્યરત કરવામાં આવેલ છે.

● **સીક ન્યુ બોર્ન કેર યુનિટ**

માણસાના કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ગાંધીનગર જિલ્લામાં સીક ન્યુ બોર્ન કેર યુનિટમાં દાખલ થયેલા બાળકો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્ય વિભાગનો હવાલો ધરાવતા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે ૨૦૧૯ માં ૧૩૫૨ અને ૨૦૨૦માં ૧૨૫૨ બાળકો દાખલ થયા હતા.

તેમણે સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે સરકારી હોસ્પિટલમાં જન્મેલ અને વધુ સારવાર માટે સીક ન્યુ બોર્ન કેર યુનિટમાં ૨૦૧૯માં ૧૦૨૭ બાળકો દાખલ થયા હતા. જ્યારે સરકારી હોસ્પિટલ સિવાય જન્મેલ અને વધુ સારવાર માટે સીક બોર્ન કેર યુનિટમાં ૩૨૫ બાળકો દાખલ કરાયા હતા. આમ ૨૦૧૯ માં ૧૩૫૨ બાળકો અને ૨૦૨૦માં ૯૪૮ સરકારી હોસ્પિટલમાં જન્મેલ બાળકો તેમજ સરકારી હોસ્પિટલ સિવાય જન્મેલ બાળકોને વધુ સારવાર માટે એવા ૩૦૪ બાળકો મળી ૧૨૫૨ બાળકો દાખલ કરવામાં આવ્યા હતા.

સભ્યના વધુ એક પૂરક પ્રશ્નના ઉત્તરમાં નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે ગાંધીનગર



**વિધાનસભામાં ગાંધીનગર**
- પ્રકાશ જહા

જિલ્લામાં આ સીક ન્યુ બોર્ન કેર યુનિટ યુનિટમાં વર્ષ ૨૦૧૯ માં ૨૧૩ અને ૨૦૨૦માં ૧૮૨ બાળકોના મોત થયા છે.

તેમણે જણાવ્યુ છે કે આ બાળકોના મૃત્યુ અટકે તે માટે યુનિટમાં સારવાર માટે જરૂરી તમામ દવાઓ નિઃશુલ્ક પુરી પાડવામાં આવે છે. આવા બાળકોની સંભાળ માટે ખાસ તાલિમ પણ આપવામાં આવે છે. આ વોર્ડની જગ્યાઓ પણ અગ્રતાના ધોરણે ભરવામાં આવે છે.

● **ગાંધીનગરમાં સરકારી આવાસો બનાવવા**

દાહોદના ધારાસભ્ય વજેસિંહભાઈ પણદાએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર શહેરમાં સરકારી કર્મચારીઓ માટે બનાવાયેલ આવાસ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે શહેરમાં જ-કક્ષાના ૩૩૬ ક્વાર્ટસ બનાવવામાં આવ્યા છે.

આ મકાનોની ફાળવણી ડ્રો ના આધારે કરવામાં આવેલ છે. મકાન ફાળવણી અંગેની કોઈ ફરિયાદ સરકારને મળી નહિ હોવાનું પણ નાયબ મુખ્યમંત્રીએ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com